ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G


# સે. ૧૫ સરકારી કોલેજમાં આજે મતગણતરી

## ૭૯૨૧ પોસ્ટલ બેલેટ ઉપરાંત ઈ.વી.એમ. મશીનમાં કેદ મતોની ૨૩ રાઉન્ડમાં ગણતરી હાથ ધરાશે

## : મતગણતરી કેન્દ્રના ૫૦૦ મીટર વિસ્તારમાં કોઈને પ્રવેશ નહીં : ૧૮ ઉમેદવારોના ભાવિ ખુલશે

ગાંધીનગર, તા. ૧૫

લોકસભાની ચૂંટણીનુ આજે પરિણામ જાહેર થશે. ચૂંટણીને લઈ પ્રવર્તતી રાજકીય ઉત્તેજના પરાકાષ્ઠાએ પહોંચશે. ગાંધીનગરની બેઠકના પરિણામ સંદર્ભે પણ આજે સવારે ૮ વાગ્યાથી સે. ૧૫ સ્થિત







સરકારી કોલેજમાં મતગણતરીની પ્રક્રીયા હાથ ધરાશે. ભાજપના લાલકૃષ્ણ અડવાણી સહીત ૧૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. આમ તો આ બેઠક પરથી અડવાણીની જીત નિશ્ચિત મનાઈ રહી છે પરંતુ કેટલા મતોની સરસાઈ મળશે તે મુદ્દે ઉત્તેજના અને ઈન્તેજારી પ્રબળ બની છે. મતગણતરી કેન્દ્ર આસપાસ ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં કોઈને પ્રવેશ આપવામાં આવશે નહી. પ્રથમ પોસ્ટલ બેલેટના મતોની ગણતરી હાથ ધરાશે ત્યારબાદ ઈ.વી.એમ.માં કેદ થયેલા મતોનું કાઉન્ટિંગ થશે. મતગણતરીને અનુલક્ષી ચુસ્ત સુરક્ષા બન્દોબસ્ત પણ ગોઠવી દેવાયો છે.

લોકસભાની ચૂંટણીને અનુલક્ષી આજે પરિણામ જાહેર થશે. સમગ્ર દેશમાં ચૂંટણી પરિણામને લઈ ભારે ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે ગાંધીનગરમાં પણ ચૂંટણી પરિણામને લઈ પોલિટીકલ ફીવર છવાયો છે. સે. ૧૫ ની સરકારી કોલેજમાં આજે સવારે ૮ વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે. સૌ પ્રથમ ૭૯૨૧ જેટલા પોસ્ટલ બેલેટની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ ઈ.વી.એમ. મશીનના મતોનું કાઉન્ટીંગ થશે. વિવિધ ૭ વિધાનસભા વિસ્તારની ગણતરી માટે ૨૩ રાઉન્ડમાં પ્રક્રીયા હાથ ધરાશે. મતગણતરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પુરતો બન્દોબસ્ત ગોઠવી દેવાયો છે. મતગણતરી કેન્દ્ર પર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત એજન્ટોને પણ આઈકાર્ડ વિના પ્રવેશ આપવામાં આવશે નહિં.

વિવિધ ૧૪ ટેબલો પરથી મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી પરિણામની કામગીરી માટે ૧૨૦૦ જેટલા કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. ગાંધીનગર બેઠક પરથી ભાજપના વરિષ્ઠ નેતા અડવાણીના ભાવિનો ફેંસલો થવાનો હોવાથી ટોચના નેતાઓની નજર પણ આ બેઠક પર મંડરાઈ છે. એકબાજુ અડવાણીની જીત નિશ્ચિત હોવાનુ મનાય છે ત્યારે અડવાણીનો કોંગ્રેસના કીરીટ પટેલ સામે કેટલા મતોની સરસાઈથી વિજય છે તે વાતને લઈ પરિણામની ઉત્સુકતા બેવડાઈ છે. સે. ૧૫ સ્થિત સરકારી કોલેજના સ્ટ્રોંગરૂમ અને કાઉન્ટીંગ રૂમમાં પરિણામલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે ત્યારે 'ગ' માર્ગ સ્થિત આ મતગણતરી કેન્દ્રને અનુલક્ષી આ માર્ગ પરથી ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ મુકી દેવાયો છે. આ ઉપરાંત ગ-૪ થી ગ-૫ વચ્ચેનો રસ્તો પણ સંપૂર્ણ બંધ રાખવામાં આવશે.

### મતગણતરી કેન્દ્ર આસપાસ વિશેષ ઉત્સાહ જોવા નહી મળે !

લોકસભાની ચૂંટણી અન્વયે આજે ગાંધીનગર બેઠકનું પરિણામ પણ જાહેર થશે. સે. ૧૫ સ્થિત સરકારી કોલેજ ખાતે હાથ ધરાનારી મતગણતરીની પ્રક્રિયાને લઈ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી તમામ બાબતોનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. મતગણતરી કેન્દ્રના ૫૦૦ મીટરના વિસ્તારમાં કોઈને પણ પ્રવેશ અપાશે નહી. ચુસ્ત સુરક્ષા બન્દોબસ્ત વચ્ચે 'ગ' માર્ગ પર વાહન વ્યવહાર પણ બંધ રખાશે. જ્યારે ત્રણેય ઉમેદવારો ગાંધીનગરના ન હોવાથી ઉમેદવારોની હાજરી સંદર્ભે પણ શંકા સેવાઈ રહી છે. આ ઉપરાંત પરિણામ નિશ્ચિત હોવાની વાતે હવા પકડતા રાજકીય કાર્યકરોમાં પણ વિશેષ ઉત્તેજના જોવા નહી મળે તેમ પણ મનાઈ રહ્યું છે.

### અડવાણીને કેટલી સરસાઈ મળશે ?

લોકસભાની ચૂંટણીનુ આજે પરિણામ જાહેર થનાર છે ત્યારે ગાંધીનગરની બેઠક પરથી ભાજપના રાજકીય નેતા લાલકૃષ્ણ અડવાણીનો વિજય નિશ્ચિત મનાય છે. અડવાણીના પ્રતિસ્પર્ધિ ઉમેદવાર તરીકે કોંગ્રેસના કીરેટ પટેલના ભાવિનો પણ આજે ફેંસલો થવાનો છે. જો કે એક્ઝીટ પોલના તારણ મુજબ ચૂંટણી પરિણામ જાણે વનસાઈડ હોવાનુ ચિત્ર અત્યારથી જ ઉપસી આવ્યું છે. આવા સંજોગોમાં અડવાણીની જીત-હારનો કોઈ પ્રશ્ન ઉભો જ ન થતો હોવાનુ રાજકીય અગ્રણીઓ માની રહ્યા છે. ગાંધીનગરની બેઠક પરથી છેલ્લા બે દાયકાથી વધુ સમયથી ચૂંટાઈ આવતા અડવાણીની જીત નિશ્ચિત હોવાનુ સ્પષ્ટપણે મનાઈ રહ્યું છે. ત્યારે તેમને કેટલી લીડ મળશે તે તરફ સૌ કોઈની મીટ મંડાઈ છે.

### મતદારો સવારથી જ ટી.વી. સામે ગોઠવાઈ જશે !!

લોકસભાની ચૂંટણીનુ આજે પરિણામ જાહેર થનાર છે ત્યારે રાજકીય ઉત્તેજના વચ્ચે પ્રજામાં પણ પરિણામલક્ષી સમીકરણો જાણવાનો અનોખો ઉત્સાહ છે. ગાંધીનગર બેઠકની મતગણતરી સે. ૧૫ની સરકારી કોલેજમાં હાથ ધરાશે જ્યારે આ વખતે પી.એમ. પદના ઉમેદવાર તરીકે મોદી મેદાનમાં હોવાથી આમ નાગરિકો ચૂંટણી પરિણામથી માહિતગાર થવા સવારથી જ ટી.વી. સામે ગોઠવાઈ જશે.

## વ્યાપાર-ઉદ્યોગ સંગઠનો પણ આનંદીબેનની તરફેણમાં છે

ગાંધીનગર, તા. ૧૫

લોકસભામાં એનડીએનાં વિજય અને ભાજપનાં



વડાપ્રધાનપદનાં દાવેદાર શ્રી નરેન્દ્ર મોદીનાં વડાપ્રધાન બનવાની ચોક્કસ સ્થિતિ બની છે તેવી ગણતરી સાથે આગળ વધી રહેલા ભાજપે હવે ગુજરાતમાં મોદીના અનુગામીની જે શોધ શરૂ કરી છે તેમાં રાજ્યનાં મહેસુલમંત્રી શ્રી આનંદીબેન પટેલનું નામ મોખરે હોવા સાથે તેઓ ગુજરાતના વ્યાપાર ઉદ્યોગ સંગઠનો અને બીલ્ડર્સ એસો. સહીતનાં વગદાર જુથોએ પણ જબરૂ લોબીંગ કર્યું છે.

આ તમામ શક્તિશાળી ગ્રુપો-સીધી યા આડકતરી રીતે આનંદીબેન જ મુખ્યમંત્રી બને તેવી લાગણી મોદીને પહોંચાડી રહ્યા છે. રાજ્યમાં અનેક પેચીદા નિયમો-કાનુનોની યોગ્ય સરળતા આનંદીબેને ભુતકાળમાં કરી જ હતી અને તેઓ મોદીની જેમ પ્રેક્ટીકલ બનીને કામ કરે છે. મંત્રાલયમાં તેમની જબરી પક્કડ પણ છે અને તેની વહીવટી તંત્રએ મોદી યુગની જેમ જ દોડતુ રહી શકે છે. આ તમામ સંકેતો શ્રી મોદીને વિવિધ સંગઠનો વ્યાપાર ઉદ્યોગ પ્રતિનિધિઓએ સરકારને પહોંચાડ્યા છે.



## કલરવ આયોજીત બાલોત્સવની તસવીરી ઝલક


(તસવીર : દિપક જાની)

## ક્રિકેટ બોર્ડમાં મોદીની લહેર પહોંચી : અમીત શાહની બીસીસીઆઈમાં એન્ટ્રી પડશે

### બીસીસીઆઈના ઉપપ્રમુખ તરીકે અમીત શાહની વરણી લગભગ નિશ્ચિત બની રહી છે : ગુજરાત ક્રિકેટ એસોસીએશનના હોદ્દેદારોની પણ નવેસરથી વરણી કરાશે

ગાંધીનગર, તા. ૧૫

લોકસભા ચૂંટણીમાં ભાજપ એનડીએને બહુમતી મળવાનું પાકુ ગણવામાં આવે છે કેન્દ્રમાં એનડીએની સરકાર રચાયા બાદ ભાજપના



એજન્ડામાં અનેક પ્રોજેક્ટ છે. અને તેમાં એક મહત્વાકાંક્ષી યોજના ભારતીય ક્રિકેટ બોર્ડ કબજે કરવાનો છે. અમીત શાહે ક્રિકેટ બોર્ડ કબજે લેવા અત્યારથી જ તૈયારી શરૂ કરી દીધી છે.

ભારતીય ક્રિકેટ બોર્ડમાં નરેન્દ્ર મોદીનું પ્રમુખપદ ધરાવતા ગુજરાત ક્રિકેટ એસો.નું ખાસ મહત્વ નથી. ગુજરાત ક્રિકેટ એસો.માં ઉપપ્રમુખ છે. ક્રિકેટ બોર્ડમાં પશ્ચિમ ઝોનનાં ઉપપ્રમુખ મુંબઈ ક્રિકેટ એસો.ના રવિ સાવંત છે આ પદ કબજે લેવા અમીત શાહે નિશાન તાક્યુ છે. ક્રિકેટ બોર્ડની વાર્ષિક સભા સપ્ટેમ્બરમાં થશે તે પૂર્વે કાવાદાવા કરી લેવાશે.

ગુજરાત ક્રિકેટ એસો.ના સહમંત્રી રાજેશ પટેલે કહ્યું હતું કે ક્રિકેટ બોર્ડમાં અમીત શાહનો પગપેસારો કરાવવા માટેની તૈયારી થઈ ગઈ છે. તેઓ બોર્ડમાં ઉપપ્રમુખપદ મેળવવા લાયક છે. તેઓએ ક્રિકેટ બોર્ડની બે વાર્ષિક બેઠકમાં ભાગ લીધો છે.

ક્રિકેટ બોર્ડના સુત્રોએ પણ કહ્યું કે અમીત શાહને ઉપપ્રમુખ બનાવવા સામે કોઈ વિરોધ થાય તેમ નથી. મોદી સત્તા પર આવે તો અમીત શાહની ભારતીય બોર્ડમાં એન્ટ્રી નિશ્ચિત છે.

સુત્રોએ કહ્યું કે બોર્ડ પ્રમુખ શ્રીનિવાસન સામે પશ્ચિમ ઝોન હેઠળ આવતા સૌરાષ્ટ્ર, વડોદરા, મુંબઈ અને મહાષ્ટ્ર એસો.એ વિરોધનો ઝંડો ઉઠાવ્યો હતો. ગુજરાત ક્રિકેટ એસો. તટસ્થ હતું એટલે અમીત શાહ માટે એન્ટ્રી સરળ બનશે.

## બ્રાન્ડ મોદીની સર્જક યુવા ટીમ માટે કેન્દ્રમાં ઉજ્જવળ તક

ગાંધીનગર, તા. ૧૫

તાજેતરમાં સમાપ્ત થયેલી લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીની પ્રચારઝુંબેશે ભારે ચર્ચા જગાવી હતી. આ સમગ્ર પ્રક્રિયાની સફળતાનું મોટુ શ્રેય યુવાનોને જાય છે. બ્રાન્ડ મોદીના માર્કેટિંગ અને એડવર્ટાઈઝિંગ પાછળ દેશની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓના લગભગ ૨૦૦ યુવા પ્રોફેશનલ્સ સંકળાયેલા હતા. મોદીને વડાપ્રધાનપદ સુધી પહોંચાડવા આ યુવાનોએ ચાઈ પે ચર્ચા, ૩ડી રેલી, મેરેથોન, કોન્કલેવ્સ અને સોશિયલ મીડિયા સહિતના સેંકડો કાર્યક્રમ હાથ ધર્યા હતા. યુએનના ભૂતપૂર્વ આરોગ્ય નિષ્ણાંત પ્રશાંત કિશોર (૩૬ વર્ષ)ના એનજીઓ 'સિટીઝન્સ ફોર એકાઉન્ટેબલ ગવર્નન્સ' કાર્યક્રમનો ભાગ બનવા યુવા પ્રોફેશનલ્સે તગડા પગારવાળી બેન્કિંગ અને કન્સલન્ટન્સી જોબ છોડી દીધી હતી.

આ કવાયતનો હેતુ મોદીને ટેક-સેવી યુવાઓમાં લોકપ્રિય બનાવવાનો હતો. પ્રશાંત કિશોરનો સમાવેશ મોદીના વિશ્વાસુ વ્યૂહરચનાકારોમાં થાય છે. હવે લોકસભા ચૂંટણી પુરી થઈ છે ત્યારે પ્રશ્ન એ થાય કે, આ જૂથનું ભાવિ શું ? ગાંધીનગર ખાતે બુધવારથી શરૂ થયેલી ભાજપના વરિષ્ઠ નેતાઓની આ ટીમ સાથેની બે દિવસની બેઠકમાં આ ગ્રુપની ભૂમિકાના પ્રશ્નોનો જવાબ મળવાની શક્યતા છે.

આઈઆઈટી-કાનપુર અલ્યુમ્નસના રિશી રાજ સિંઘે જણાવ્યું હતું કે, 'ગ્રુપના ભાવિ અંગે ચર્ચા થઈ રહી છે. પક્ષ અમને કયા વિકલ્પો આપે છે એ અમે જોઈ રહ્યા છીએ'. ગ્રુપમાં સામેલ ૨૦૦માંથી ૧૨૦ સભ્યે સામાજિક-રાજકીય ક્ષેત્રમાં કામ ચાલુ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ યુવાનોને આશા છે કે, ભાજપની સરકાર બન્યા પછી તેમને યોગ્ય વળતર મળશે. ઘણા પ્રોફેશનલ્સને એવું કહેવાયું છે કે, તેમને સંસદ સભ્યો સામે કેબિનેટની સલાહકાર સમિતિમાં તક અપાશે. અથવા સરકાર દ્વારા ટૂંક સમયમાં બનનારી નાણાકીય બાબતોની થીંક-ટેન્કમાં તેમનો સમાવેશ કરવામાં આવશે.

## ટાઉનહોલના એ.સી.ની દોઢ મહીનાથી કથળેલી હાલત

### સ્ટેજની લાઈટીંગ અને સાઉન્ડ સિસ્ટમમાં પણ ખામી

ગાંધીનગર, તા. ૧૫

ઉનાળાની આજકાલ ગરમીમાં શહેરના એક માત્ર ટાઉનહોલમાં એ.સી. પ્લાન્ટ કાર્યરત ન હોવાથી શ્રોતાઓએ પરસેવે ભીંજાવાનો વારો આવ્યો છે. ૧૧૦૦ વ્યક્તિઓની બેઠક વ્યવસ્થા ધરાવતા હોલમાં એ.સી.ના કુલીંગના અભાવે કાર્યક્રમના આયોજકોને ગરમીની ગુંગળામણ વચ્ચે મુંઝવવામાં મુકાવવું પડે છે. એ.સી. પ્લાન્ટની સાથે સાઉન્ડ સિસ્ટમ પણ ખાડે ગઈ છે.

સે. ૧૭માં સ્થિત ટાઉનહોલની હાલત દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. સાંકડી ખુરશીની બેઠક વ્યવસ્થાના લીધે અકળાતા શ્રોતાઓએ હવે ગરમીમાં ગુંગળાવવાનો વારો આવ્યો છે. છેલ્લા એક-દોઢ મહીનાથી ટાઉનહોલના એ.સી. પ્લાન્ટમાં ખામી સર્જાતા હોલમાં કુલીંગના અભાવે શ્રોતાઓની હાલત દયાજનક બની જાય છે. અંદાજિત ૧૧૦૦ શ્રોતાઓની બેઠક વ્યવસ્થા ધરાવતા ટાઉનહોલમાં અગાઉ ખુરશીઓ બદલાવવાનો પ્રોજેક્ટ પણ હવા થઈ ગયો છે. જ્યારે સ્ટેજનું લાઈટીંગ અને સાઉન્ડ સિસ્ટમ પણ ખાડે ગયું હોવાથી કલાકારોને પણ મુશ્કેલી વેઠવી પડે છે. ટાઉનહોલના રીનોવેશનની કામગીરીનું આયોજન પણ લાંબા સમયથી પડતુ મુકાયું છે. આવા સંજોગોમાં નગરના કલાપ્રેમીઓ માટે નવી સમસ્યા ઉદ્ભવી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

કલાધરિત્રી પૂજાને હૃદયાંજલી



વ્હાલી પૂજા,
ગીતામાં કહ્યું છે કે,
'આત્મા અજર, અમર, અવિનાશી છે'
શ્રી કૃષ્ણની આ વાત આજેઅમે અનુભવી રહ્યા છીએ... તારા પવિત્ર આત્માની સતત સૂક્ષ્મ અનુભૂતિ અમને સદાય શુભ અને લાભ તરફ દોરી જાય છે...
જીવનચક્રમાં જે અમૂલ્ય સમય, અવિસ્મરણીય યાદો અને તે પ્રસ્થાપિત કરેલી અખૂટ ખુશીઓ કે જેતે પરિવારને આપી, તેને અમારું અહોભાગ્ય સમજીને તને હરપળ યાદ કરતા તારા પરિવારજનો...
શ્રીમતી દમયંતીબહેન (માતા)
શ્રી સુરેશભાઈ (પિતા)
તથા સમસ્ત ટાંક પરિવાર

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com